

નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 034
Dt.: 08-12-2025,
Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### વડાપ્રધાન મોદીએ દુઃખ વ્યક્ત કર્યું

## ગોવાની ફેમસ નાઈટક્લબમાં સિલિન્ડર બ્લાસ્ટ: ૨૫ના મોત

### પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ અને આગને કાબુમાં લીધી: ઘાયલોને હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોવા

નોર્થ ગોવાના અરપોરામાં લોકપ્રિય નાઈટ ક્લબ **Birch by Romeo Lane**માં લાગેલી ભીષણ આગમાં ૨૫ લોકો હોમાયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પોલીસ કંટ્રોલ રૂમને રાત્રે લગભગ ૧૨:૦૪ વાગ્યે આગ લાગવાની જાણ થઈ હતી, જેના કારણે પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે અને તમામ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેઓ સારવાર લઈ રહ્યા છે. રાજ્યના ડીજીપી આલોક કુમારે જણાવ્યું હતું કે પોલીસે ઘટનાસ્થળેથી જરૂરી પુરાવા એકત્રિત કર્યા છે અને આગ લાગવાના કારણની તપાસ કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે તપાસ રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. વહીવટીતંત્રે મૃતકોના પરિવારોને સહાય પૂરી પાડવા અને ઘાયલોને સારી તબીબી સેવા પૂરી પાડવાના પ્રયાસો તીવ્ર બનાવ્યા છે.

આ ભીષણ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે ક્લબના કિચન એરિયામાં એલપીજી સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો. થોડી જ સેકન્ડોમાં આગે આખા કિચનને લપેટમાં લીધું અને જોતજોતામાં ધુમાડાના ગોટેગોટા બેઝમેન્ટ સુધી ફેલાઈ ગયા. ઘટના સમયે ક્લબનું બેઝમેન્ટ કર્મચારીઓથી ભરેલું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ગભરાટમાં લોકો બહાર ભાગવાને બદલે બેઝમેન્ટ તરફ દોડ્યા, જ્યાં ધુમાડાનું સામ્રાજ્ય પહેલેથી જ ફેલાયેલું હતું.

મૃતકોમાં ૨૫ લોકોનો શ્વાસ રૂંધાવાને કારણે મોત થયું હતું, જ્યારે ત્રણ લોકોના મૃતદેહો ગંભીર રીતે દાઝી ગયેલા મળી આવ્યા હતા. મૃતકોમાં મોટા ભાગના ક્લબના કિચન સ્ટાફ હતા, જેમાં ત્રણ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. મૃતકોમાં ત્રણથી ચાર પ્રવાસીઓ પણ સામેલ છે. મૃતકોમાં સૌથી વધુ સ્ટાફના ૧૪ લોકો છે.

ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત અને સ્થાનિક ધારાસભ્ય માઈકલ લોબો ઘટનાની માહિતી મળતા જ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે મૃતકોમાં ત્રણ મહિલાઓ અને ત્રણથી ચાર પ્રવાસીઓનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે ત્રણ લોકોના મોત દાઝી જવાથી અને બાકીના લોકોના શ્વાસ રૂંધાવાથી થયા છે. ઘટનાની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પ્રાથમિક માહિતી સૂચવે છે કે નાઈટક્લબે ફાયર સેફ્ટીના નિયમોનું પાલન કર્યું ન હતું. અનેક ફાયર એન્જિન ઘટનાસ્થળે પહોંચ્યા અને આગ પર કાબુ મેળવ્યો. વરિષ્ઠ વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે. આજે સવારે, ફોરેન્સિક **(FSL)** ટીમ આગના ચોક્કસ કારણની તપાસ કરશે.

ગોવા પોલીસ વડા આલોક કુમારે જણાવ્યું હતું કે આગ સિલિન્ડર વિસ્ફોટને કારણે લાગી હતી. અહેવાલ મુજબ, પોલીસ મહાનિર્દેશકએ જણાવ્યું હતું કે, "ઓછામાં ઓછા ૨૫ મૃતદેહો મળી આવ્યા છે. મૃતકોમાં ક્લબના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે." ગોવા પોલીસ મહાનિર્દેશક આલોક કુમારે જણાવ્યું હતું કે કેટલાક લોકોના મોત આગમાં મૃત્યુ થયા હતા, જ્યારે અન્ય લોકોના મોત શ્વાસ રૂંધાઈ જવાથી થયા હતા. પોલીસે એમ પણ જણાવ્યું હતું કે તે સમયે ક્લબમાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા, જેના કારણે પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યામાં ૨૨ પુરુષો અને ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે.અકસ્માતના સમાચાર મળતાં જ મોડી રાત્રે મુખ્યમંત્રી પ્રમોદ સાવંત ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે તેને



ખૂબ જ દુઃખદ ઘટના ગણાવી હતી અને કહ્યું હતું કે જો સલામતીના ધોરણોમાં કોઈ બેદરકારી જણાશે તો તેની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને કડક કાર્યવાહી કરવામાં આવશે. મુખ્યમંત્રીએ એ પણ સ્વીકાર્યું હતું કે મૃતકોમાં ત્રણથી ચાર પ્રવાસીઓ હતા જે વેકેશન માટે ગોવા આવ્યા હતા. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે આ ઘટનાને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ ગણાવી અને કહ્યું કે સંપૂર્ણ તપાસ કરવામાં આવશે. તેમણે કહ્યું કે ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે, "ગોવાના અર્પોરામાં આગની ઘટના ખૂબ જ દુઃખદ છે. જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી સંવેદના. ઘાયલો જલદીથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના. મેં ગોવાના મુખ્યમંત્રી ડૉ. પ્રમોદ સાવંત સાથે પરિસ્થિતિ વિશે વાત કરી. રાજ્ય સરકાર અસરગ્રસ્તોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડી રહી છે."

## ગોવા અગ્નિકાંડ અંગે મોટા ખુલાસા: ગેરકાયદે નાઈટક્લબને તોડવા ગયા વર્ષે જ અપાઈ હતી નોટિસ

### સાંકળા રસ્તાના કારણે ફાયર વિભાગની ગાડી પહોંચી શકી નહીં : દબાણ કરી ગેરકાયદે રીતે ધમધમી રહ્યું હતું ક્લબ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોવા

નોર્થ ગોવાના અરપોરામાં લોકપ્રિય નાઈટ ક્લબ **Birch by Romeo Lane**માં શનિવારે મોડી રાત્રે ભીષણ આગ લાગતાં ૨૫ લોકોના મોત થયા છે. મૃતકોમાં ચાર ટુરિસ્ટ તથા સ્ટાફના ૧૪ લોકોનો સમાવેશ થાય છે. અગ્નિકાંડ બાદ ગોવામાં ચાલતા નાઈટ ક્લબોની સુરક્ષાને લઈને ફરી સવાલ ઊભા થાય છે. પ્રાથમિક જાણકારી અનુસાર આ ક્લબ ગેરકાયદે હતું એન ક્લબ એન્ટ્રી, એક્ઝિટ ગેટ ખૂબ જ સાંકળા હતા. મૃતકોમાં કેટલાકના મોત ધુમાડાથી ગૂંગળામણના કારણે થયું છે.

અહેવાલ અનુસાર ફાયર બ્રિગેડના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું, કે ફાયર વિભાગની ગાડી ઘટનાસ્થળથી ૪૦૦ મીટર દૂર ઊભી રાખવી પડી હતી. જેના કારણે બચાવ કાર્યમાં વિલંબ થયો.

પ્રત્યક્ષદર્શી ફાતિમા શેખે એ મીડિયાને જણાવ્યું કે આગ લાગ્યા બાદ લોકો બચવા માટે ભાગી રહ્યા હતા જેના કારણે અફરાતફરી સર્જાઈ. વીકેન્ડના કારણે ભીડ વધારે હતી અને ડાન્સ ફ્લોર પર ૧૦૦થી વધુ લોકો હતા. ગણતરીની મીનીટમાં ક્લબ આગની ઝપેટમાં આવી ગયું. ક્લબમાં વૃક્ષના પાનથી બનાવેલ ડેકોરેટિવ માળખાના કારણે આગ ઝડપથી ફેલાઈ હતી. આગથી બચવા માટે લોકો નીચેની તરફ ભાગ્યા અને ગ્રાઉન્ડ ફ્લોર પર સહિત રસોડામાં પહોંચી ગયા. કેટલાક તેમાં જ ફસાઈ ગયા.

અરપોરા-નાગોઆ ગ્રામ પંચાયતે ગયા વર્ષે જ આ ક્લબ તોડી પાડવાની નોટિસ ફટકારી હતી. કારણ કે ક્લબ ગેરકાયદે રીતે ચાલી રહ્યું હતું. ગ્રામપંચાયતના સરપંચ રોશન રેડકરે જણાવ્યું છે, કે આખું ક્લબ જ ગેરકાયદે હતું. ક્લબની આસપાસ કોઈ પણ નિર્માણનું લાયસન્સ અપાયું નહોતું અને ફાયર સેફ્ટીના નિયમોનો પણ ઉલ્લંઘન થઈ રહ્યો હતો. જોકે ક્લબની અપીલ બાદ પંચાયતે નોટિસ પરત ખેંચી હતી.

સમગ્ર મામલે ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે કહ્યું છે, કે ઉપરના માળે આગ લાગી. ત્યાં દરવાજા ખૂબ જ નાના હતા. કેટલાક લોકો બહાર નીકળ્યા જ્યારે તેમાં જ ફસાઈ ગયા. અંડરગ્રાઉન એરિયામાંથી પણ કેટલાક મૃતદેહ મળી આવ્યા છે. ત્યાં વેન્ટિલેશન હતું જ નહીં. ક્લબ દ્વારા ફાયર સેફ્ટીના નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી. મજિસ્ટ્રેટ તપાસના આદેશ અપાયા છે. ક્લબ માલિક, જનરલ મેનેજર વિરુદ્ધ **FIR** દાખલ કરવામાં આવી છે. કેલગુટના ધારાસભ્ય માઈકલ લોબોએ કહ્યું છે, કે હવે તમામ નાઈટક્લબોનું ફાયર સેફ્ટી ઓડિટ કરાશે. સોમવારથી તમામ ક્લબને નોટિસ આપવાની શરૂઆત થશે. જે બાદ નિયમોનું ઉલ્લંઘન કરતાં ક્લબ વિરુદ્ધ કાર્યવાહી કરાશે. ગોવા અગ્નિકાંડ મામલે વડાપ્રધાન કાર્યાલય તરફથી મૃતકોના પરિજનો માટે બે લાખ રૂપિયા જ્યારે ઈજાગ્રસ્તો માટે ૫૦ હજાર રૂપિયાના વળતરની જાહેરાત કરવામાં આવી છે.

### બાબરીનો પાયો નાખનાર હુમાયુ કબીરની જાહેરાત

## નવી પાર્ટી બનાવી AIMIM સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડીશું

### આ સંભવિત ગઠબંધન બંગાળમાં બીજેપી અને TMC બંનેને રોકવા માટે એક મજબૂત વિકલ્પ રજૂ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળના રાજકારણમાં એક નવો અને મહત્ત્વપૂર્ણ વળાંક આવ્યો છે. તૃણમૂલ કોંગ્રેસ(**TMC**)માંથી સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્ય હુમાયુ કબીરે મુર્શિદાબાદના બેલડાંગામાં બાબરી મસ્જિદ જેવી સંરચનાનો શિલાન્યાસ કર્યાના થોડા જ કલાકો બાદ મોટા ગઠબંધનની જાહેરાત કરી છે. શનિવારે કબીરે કહ્યું કે, તેઓ **AIMIM**ના વડા અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી સાથે વાતચીત કરી રહ્યા છે અને બંને પક્ષો આગામી ચૂંટણીઓમાં સાથે મળીને મેદાનમાં ઉતરવાની તૈયારીમાં છે.

હુમાયુ કબીરે જણાવ્યું કે, આ સંભવિત ગઠબંધન બંગાળમાં ભારતીય જનતા પાર્ટી(**BJP**) અને **TMC** બંનેને રોકવા માટે એક મજબૂત વિકલ્પ રજૂ કરશે. આ અંગે હુમાયુ કબીરે કહ્યું કે, અમે ઓવૈસીની પાર્ટી સાથે ચર્ચા કરી રહ્યા છીએ અને સાથે મળીને આગળ આવવાનો પ્લાન બનાવી રહ્યા છીએ. આ ગઠબંધન રાજકીય રીતે એક મોટું પરિવર્તન સાબિત થઈ શકે છે.

બંગાળના રાજકારણમાં ગેમચેન્જર બનવાનો દાવો કરતા કબીરે પોતાની નવી પાર્ટીની યોજનાઓ જણાવતા કહ્યું કે, હું એક નવી પાર્ટી બનાવીશ જે મુખ્યત્વે મુસલમાનો માટે કામ કરશે. તેમજ આગામી બંગાળ ચૂંટણીમાં ૧૩૫ બેઠકો પર ઉમેદવારો ઉતારવામાં આવશે. હું **AIMIM**ના સંપર્કમાં છું અને તેની સાથે જ ચૂંટણી લડીશ. મેં ઓવૈસી સાહેબ સાથે વાત કરી છે. આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે હુમાયુ દ્વારા બેલડાંગામાં પ્રસ્તાવિત બાબરી મસ્જિદના શિલાન્યાસ કાર્યક્રમને લઈને રાજ્યમાં રાજકીય હલચલ વધી છે. આ કાર્યક્રમ સાથે જોડાયેલા વીડિયોમાં મોટી સંખ્યામાં સમર્થકો માથા પર ઈંટો લઈને જમીન પર એકઠા થતા જોવા મળ્યા હતા. આજે પણ મોટી સંખ્યામાં લોકો તે સ્થળે પહોંચીને ઈંટો જમા કરી રહ્યા છે અને દાનપેટીમાં રૂપિયા આપીને નિર્માણ કાર્યમાં સહયોગ આપી રહ્યા છે.

હુમાયુના આ પગલાથી તેમની રાજકીય દિશા સ્પષ્ટ થઈ છે. ્સ્ઞમાંથી સસ્પેન્શન બાદ જે સવાલો ઊભા થયા હતા, ઓવૈસીની પાર્ટી સાથેના સંભવિત ગઠબંધને તેમને રાજ્યની રાજનીતિમાં ફરીથી કેન્દ્રમાં લાવી દીધા છે.

હુમાયુએ દાવો કર્યો કે બંગાળમાં મુસ્લિમો અને દલિતોના રાજકીય અવાજને મુખ્યપ્રવાહની પાર્ટીઓએ નજરઅંદાજ કર્યો છે. તેમણે કહ્યું કે, હવે એક નવું મંચ તૈયાર થઈ રહ્યું છે, જ્યાં તેમની ભાગીદારી અને હિતોને પ્રાથમિકતા આપવામાં આવશે. હાલ, બેલડાંગામાં બાબરી મસ્જિદ જેવી સંરચનાના શિલાન્યાસ અને દાન અભિયાનથી આ મામલે ધાર્મિક અને રાજકીય બંને સ્તરે તણાવ વધ્યો છે.

### કંગના રણૌત, મહુઆ મોઈત્રાનો વીડિયો વાઈરલ

## ભાજપ-વિપક્ષના સાંસદોએ એક મંચ ઉપર કર્યો ડાન્સ

### મહિલા સાંસદો બિઝનેસમાંથી રાજકારણમાં આવેલા નવીન જિંદાલની પુત્રીના લગ્નના સેલિબ્રેશનમાં ડાન્સ કરતી જોવા મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

રાજકારણમાં ભલે નેતાઓ એકબીજા પર આકરા પ્રહારો કરતા હોય, પણ જાહેર જીવનમાં તેમના સંબંધો કેવા હોય છે તેનું એક અનોખું ઉદાહરણ હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યું છે. ભાજપનાં સાંસદ કંગના રનૌત, તૃણમૂલ કોંગ્રેસ(**TMC**)નાં સાંસદ મહુઆ મોઈત્રા અને **NCP**(શરદચંદ્ર પવાર)નાં સાંસદ સુપ્રિયા સુલે એકસાથે ડાન્સ કરતા જોવા મળ્યા છે, જેનો વીડિયો જોઈને સૌ કોઈ ચોંકી ઉઠ્યા છે.

આ ત્રણેય દિગ્ગજ મહિલા સાંસદો બિઝનેસમાંથી રાજકારણમાં આવેલા નવીન જિંદાલની પુત્રીના લગ્નના સેલિબ્રેશનમાં ડાન્સ કરતી જોવા મળી હતી. આ ત્રણેયે ફિલ્મ ઓમ શાંતિ ઓમના પ્રખ્યાત બોલિવૂડ ગીત દીવાનગી દીવાનગી પર પર્ફોર્મ કર્યું હતું.

વાઈરલ થયેલી ક્લિપમાં જોઈ શકાય છે કે કંગના રનૌત, મહુઆ મોઈત્રા અને સુપ્રિયા સુલે સેન્ટર સ્ટેજ પર નવીન જિંદાલ સાથે મન મૂકીને ડાન્સ કરી રહી છે.

રાજકીય પ્રતિસ્પર્ધીઓનું આ અનોખું સંયોજન જોઈને લોકો આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા છે.

અભિનેત્રી અને રાજકારણી કંગના રનૌતે પોતે આ અઠવાડિયાની શરૂઆતમાં ડાન્સ પ્રેક્ટિસ સેશનના બિહાઈન્ડ-ધ-સીન્સ ફોટા પણ શેર કર્યા હતા. કંગના રનૌતે ઈન્સ્ટાગ્રામ પર એક ફોટો શેર કર્યો હતો, જેમાં તે નવીન જિંદાલ, ્સ્ઞ સાંસદ મહુઆ મોઈત્રા અને દ્રઝ્રઁ સાંસદ સુપ્રિયા સુલે સાથે સંગીત પરફોર્મન્સ માટે રિહર્સલ કરતા જોવા મળ્યા હતા.

આ વીડિયો વાઈરલ થયા બાદ સોશિયલ મીડિયા પર લોકો અલગ-અલગ પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. જેમાં એક યુઝરે લખ્યું, સુપ્રિયા સુલે અને મહુઆ મોઈત્રાએ ભાજપના સાંસદ નવીન જિંદાલની દીકરીના લગ્નમાં કંગના રનૌત સાથે ડાન્સ કર્યો. આ વીડિયો એ તમામ સમર્થકો માટે છે જે આવા નેતાઓ માટે પોતાની કારકિર્દી અને જીવ જોખમમાં મૂકે છે.

અન્ય એક યુઝરે કોમેન્ટ કરી, સંસદમાં આમને-સામને, સંસદની બહાર હમ સાથ સાથ હૈ. નાય એક વ્યક્તિએ લખ્યું, બધા મળેલા છે જી.

આ ઘટનાએ ફરી એકવાર દર્શાવ્યું છે કે રાજકારણીઓ ભલે જાહેર મંચ પર ગમે તેટલી ટીકા કરે, પણ અંગત જીવનમાં અને સામાજિક પ્રસંગોમાં તેઓ સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવી રાખે છે.

## ગ્રેટર હૈદરાબાદમાં બાબરી મસ્જિદ મેમોરિયલની સ્થાપનાની જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)હૈદરાબાદ

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદનો શિલાન્યાસ થયા બાદ હવે હૈદરાબાદમાં પણ બાબરી મસ્જિદ મેમોરિયલ બનાવવાની જાહેરાત થઈ છે. અયોધ્યામાં બાબરી મસ્જિદ ધ્વંસની ૩૩મી વરસી પર તહરીક મુસ્લિમ શબબન સંગઠન દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે. સંગઠનના અધ્યક્ષ મુશ્તાક મલિકે કહ્યું કે આ મેમોરિયલ ક્યારે બનાવવામાં આવશે તેની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. કોઈએ બાબરના નામથી ચિંતિત થવાની જરૂર નથી અને આ મુદ્દો માત્ર એક રાજકીય કાવતરું છે. મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદનો પાયો નાખનાર ધારાસભ્ય હુમાયુ કબીરે દાવો કર્યો હતો કે તેણે કોઈ ગેરકાયદેસર કામ કર્યું નથી. જો આ દેશમાં મંદિર અને ચર્ચ બનાવવાની છૂટ છે, તો મસ્જિદ બનાવવાની પણ સ્વતંત્રતા છે.

જોકે, આ પગલા બાદ હુમાયુ કબીરને ્સ્ઞ પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દેવાયા હતા. કબીરે કહ્યું કે સુપ્રીમ કોર્ટે પણ સ્વીકાર્યું હતું કે, હિન્દુઓએ મસ્જિદ તોડી હતી, પરંતુ હિન્દુ ભાવનાને ધ્યાનમાં રાખીને ત્યાં મંદિર બનાવવાની પરવાનગી આપવામાં આવી. બંધારણ આપણને મસ્જિદ બનાવવાનો પણ અધિકાર આપે છે. કબીરે આ મસ્જિદ માટે રૂ.૩૦૦ કરોડનું બજેટ રાખ્યું છે.

સંગઠનના અધ્યક્ષ મુશ્તાક મલિકે રામ મંદિરને લઈને પણ વિવાદિત નિવેદન આપતા દાવો કર્યો કે તુલસીદાસની રામચરિત માનસમાં પણ રામ મંદિરનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, જ્યારે આ ગ્રંથ બાબરી મસ્જિદ બન્યાના ૬૦ વર્ષ પછી રચાયો હતો. તેમણે એમ પણ કહ્યું કે રામચરિત માનસમાં મંદિર તોડવાનો પણ કોઈ ઉલ્લેખ નથી.

મલિકે કહ્યું કે, અકબરના શાસનકાળમાં પણ હવન-પૂજા થતી હતી અને તુલસીદાસ અને અકબર વચ્ચે પણ સંવાદ હતો. માન સિંહ અકબરના સેના પ્રમુખ હતા. આ સમગ્ર મુદ્દાને કારણે દેશના વિવિધ ધર્મ વચ્ચે ભાઈચારો ખતમ થઈ ગયો છે.




